જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૨/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૩૦૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૬ | ૨,૪૨,૧૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પી.સી.બી.

## સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ એસર ગ્રીન ટ્રાન્સપોર્ટ નામના ગોડાઉનમાં થી પ્લાસ્ટીકની ડોલોમા સંતાડેલ ઈગ્લીશ દારુની બોટલો નંગ ૨૭૬ કિ.રૂ.૧,૫૪,૮000/-ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓ સ્ટફના પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦,અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિહ બ.ન.૬૧૬૮,અ.હે.કો. હિમ્મતસિહ રણજીતસિહ બ.ન.૩૭૮૧ તથા અ.હે.કો.અનિરુધ્ધસિહ ધીરુભા બ.ન.૮૯૯૦ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો.અનિરુધ્ધસિહ ધીરુભા બ.ન.૮૯૯૦ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સરખેજ એસર ગ્રીન ટ્રાન્સપોર્ટ નામના ગોડાઉનમાં પ્લાસ્ટીક ની ડોલો(બાલટી)મા લાકડાના ભુકાની આડમા ભરેલ ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશીદારુની બોટલો નંગ ૨૭૬ કિ.રૂ.૧,૫૪,૮૦૦/- ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સરખેજ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૮૨૨૧૩૦૪/૨૦૨૨ ધી પ્રોહી.કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** મહીપાલસિગં મહેન્દ્રસિગ જાટ રહે.એસરગ્રીન ટ્રાન્સપોર્ટમા આવેલ ઓફિસમા સરખેજ તથા મુળવતન ગામ: ધાન્ધુ, તા.જી.ચુરુ રાજસ્થાન

**નહી પકડાયેલ આરોપીઓ :** (૧) નિખિલ ઉર્ફે નિકી જગદીશભાઈ વનજાની રહે.નારણપુરા, અમદાવાદ શહેર (૨) સન્ની ઉર્ફે માંજરો રમેશભાઈ તોલાની રહે.સોરાબજી કંપાઉન્ડ, વાડજ, અમદાવાદ શહેર (૩) મહેન્દ્ર ભાઈ (૪) પ્રોહીનો જથ્થો મોકલનાર

**ગુનાની જગ્યા :** સરખેજ એસર ગ્રીન ટ્રાન્સપોર્ટ નામના ગોડાઉનમાં

**પકડાયેલ મુદામાલ :** (૧) વિદેશીદારુની બોટલો નંગ ૨૭૬ કિ.રૂ.૧,૫૪,૮૦૦/- (૨) પ્લાસ્ટીક ની ડોલો નંગ ૨૪ કિ.00 (૩) બીલ્ટી નંગ ૧ કિ.00 (૪) વાઈટ બીલ નંગ ૧ કિ.00 મળી કુલ્લે રુપિયા ૧,૫૪,૮૦૦/- નો મુદામાલ



# પી.સી.બી.

## નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી પ્લાસ્ટીકની ડોલોમા સંતાડેલ ઈગ્લીશ દારુની બોટલો નંગ ૭૨ કિ.રુ.૬૧,૨૦૦/- નો મુદામાલ પકડી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવુતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓ ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ ના મ.સ.ઈ.જગદેવસિહ ગુલાબસિહ બ.ન.૧૩૪૬૭, મ.સ.ઈ.મહમંદ યુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪ તથા અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન મ.સ.ઈ.જગદેવસિહ ગુલાબસિહ બ.ન.૧૩૪૬૭ તથા અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪ નાઓને સંયુકતરીતે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે નવરંગપુરા સ્ટેડીયમ પાસે ક્મલા સોસાયટીમા આવેલ મકાન ન.૫ ની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં પ્લાસ્ટીક ની ડોલો(બાલટી)મા લાકડાના ભુકાની આડમા ભરેલ ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશીદારુની બોટલો નંગ ૭૨ કિ.રૂ.૬૧,૨૦૦/- નો મુદામાલ પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી નવરંગપુરા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૬૨૨૦૩૯૭/૨૦૨૨ ધી પ્રોહી.કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી), ૮૧, મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### નહી પકડાયેલ આરોપીઓ :

(૧) નિખિલ ઉર્ફે નિકી જગદીશભાઈ વનજાની રહે.નારણપુરા, અમદાવાદ શહેર (૨) સન્ની ઉર્ફે માંજરો રમેશભાઈ તોલાની રહે.સોરાબજી કંપાઉન્ડ, વાડજ, અમદાવાદ શહેર

### ગુનાની જગ્યા :

નવરંગપુરા સ્ટેડીયમ પાસે, ક્મલા સોસાયટીમા આવેલ મકાન ન.૫ ની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં

### પકડાયેલ મુદામાલ :

(૧) વિદેશીદારુની બોટલો નંગ ૭૨ કિ.રૂ.૬૧,૨૦૦/- (૨) પ્લાસ્ટીક ની ડોલો નંગ ૬ કિ.૦૦ મળી કુલ્લે રુપિયા ૬૧,૨૦૦/- નો મુદામાલ

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૦૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૨ કેસ કરી, ૧૧૧ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ, ૧૬૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન, ૧ રીક્ષા, ૧ પીક અપ ડાલું અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૦૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૩૦૭/૨૦૨૨

**શાહીબાગઃ** રાજેન્દ્રકુમાર તેજમલજી જૈન (રહે. સમૃધ્ધી સોસાયટી અરિહંત ટાવર સામે રાજસ્થાન હોસ્પીટલ રોડ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૨૩/૧૨/૨૦૨૨ સવારના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૪,૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૪,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાડેજા ચલાવે છે.

**વેજલપુરઃ** જુવીલી ડો/ઓ ગોતોવી યજક અસમી (રહે. ઓમશાંતિનગર, શ્રીનંદનગર વિભાગ-૨ ની બાજુમાં મકરબા રોડ વેજલપુર) એ તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૨ કલાક ૧૨/૪૫ થી રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરવખરી સામાન, સ્પીકર, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૫૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

## નજર ચુકવી ચોરીઃ- સમાચાર યાદી નં.૨૩૦૮/૨૦૨૨

**કૃષ્ણનગરઃ** ખોડીદાસ મનસુખભાઇ કયાડા (ઉ.વ.૩૧) (રહે. અમર રો-હાઉસ સીમાડા ગામ સુરત શહેર) એ તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ખોડીદાસ કયાડા તા.૨૨/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગે સુરત સરથાણા જકાત નાકાથી ટ્રાવેલ્સ બસમાં બેસી અમદાવાદ કૃષ્ણધામ સોસાયટી કૃષ્ણનગર ખાતે આવ્યા હતા દરમ્યાન ખોડીદાસ કયાડાની નજર ચુકવી થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૦,૦૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૦૯,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**સોનાનો દોરો ઝુટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૯/૨૦૨૨**

**નરોડાઃ** હીરેનભાઇ હસમુખલાલ શાહ (ઉ.વ.૪૮) (રહે. લક્ષ્મીવિલા ગ્રીન, હરીદર્શન ચાર રસ્તા પાસે નરોડા) તા.૨૩/૧૨/૨૦૨૨ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ગાયને ઘાસ નાખતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હીરેનભાઈ શાહના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હીરેનભાઇ શાહ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જેઠાભાઇ બેચરભાઈ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૦/૨૦૨૨**

**નરોડાઃ** રામાભાઈ છગનભાઈ વણઝારા (રહે. સંજયનગર વિભાગ-૧, નાના ચિલોડા) એ તા.૨૨/૧૨/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની આઇવા કંપનીની ટ્રક નંબર જીજે ૦૯ એયુ ૩૮૬૫ કિમત રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૩/૧૨/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રામાભાઈ વણઝારા એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૧/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** ભરતભાઇ લખાભાઇ જોષી (ઉ.વ.૨૬) (રહે. ત્રિશલા હોમ્સ.આંબલી રેલ્વે સ્ટેશન સામે થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિહ નટવરસિહ ચલાવે છે.

**ચાંદખેડાઃ** ગીતાબહેન વા/ઓ અમૃતભાઇ હીરા (ઉ.વ.૬૯) (રહે. સ્વાગત-૩ ડુન બ્લોસમ સ્કુલ સામે ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**અમરાઇવાડીઃ** સુરેખાબહેન વા/ઓ દિપકભાઇ પાટીલ (રહે. જેઠાભાઇની ચાલી ચંદ્રનગર અંબિકા હોટલ પાછળ, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.ખુમાણ ચલાવે છે.

**નરોડાઃ** રૂપલબહેન મયંક પટેલ (ઉ.વ.૩૨) (રહે. નિલમપાર્ક સોસાયટી નાના ચિલોડા ગામ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૨ સવારના ૧૧/૦૦ થી બપોરના ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી